# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-10-2024** **Morning : 7.10 to 7.20 AM**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

*****************************************

1. રાજ્યનાં આઠ શહેરો તથા ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળનાં નોન-ટીપી વિસ્તારના જમીનધારકોને પ્રિમીયમમાં રાહત આપવાનો રાજ્ય સરકારનો નિર્ણય
2. આતંકવાદ વિરોધી ટૂકડીએ પોરંબદરમાંથી પાકિસ્તાન માટે જાસૂસી કરતા શખ્સને ઝડપ્યો.
3. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે.
4. પાટણ APMCમાં છેલ્લાં ૩ વર્ષમાં મગફળીની સૌથી વધુ આવક નોંધાઈ.
5. રાજ્યમાં આગામી સાત દિવસ સુધી વાતાવરણ સુકુ રહેશે.

*****************************************************************

## CM – MEHSUL MUKTI

રાજ્ય સરકારે રાજ્યના આઠ શહેરો તથા ભરૂચ-અંકલેશ્વર, શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારોમાં સમાવિષ્ટ નોન ટીપી વિસ્તારના જમીન ધારકોને હાલ ભરવા પડતા પ્રિમીયમમાં રાહત આપતો નિર્ણય કર્યો છે.

આ નિર્ણયથી હવે નોન ટીપી વિસ્તારના જમીનધારકોને કપાતમાં જતી જમીન પર જે પ્રીમીયમ ભરવું પડતું હતું તેમાંથી મુક્તિ મળશે, અને માત્ર તેમની પાસે રહેનારા 40 ટકા કપાતના ધોરણો પછીના સુચિત પ્લોટના અંતિમ ખંડના ક્ષેત્રફળ જેટલા જ વિસ્તારનું પ્રીમીયમ ભરવાનું રહેશે.

નોન ટીપી વિસ્તારમાં 40 ટકા કપાતની જમીનના ભરવાના થતા મહેસૂલી પ્રીમીયમની રકમમાંથી મુક્તિ મળતા હવે બાંધકામક્ષેત્રે પ્રોપર્ટીની કિંમતમાં ઘટાડો થશે, જેનો સીધો લાભ મધ્યમ વર્ગીય પરિવારોને મળશે.

----------------------------------

## Porbandar pak jasus

આતંકવાદ વિરોધી ટુકડી- ATSએ પોરબંદરમાંથી પાકિસ્તાન માટે જાસૂસી કરતી વ્યક્તિને ઝડપી પાડ્યો છે. ગુજરાત ATSને ગુપ્ત માહિતી મળી હતી કે પોરબંદરના બોખીરા વિસ્તારમાં રહેતો પંકજ દિનેશ કોટીયા નામનો શખ્સ છેલ્લા કેટલાક સમયથી પાકિસ્તાનની આર્મી અથવા પાકિસ્તાનની જાસૂસી સંસ્થા ISIના કોઇ અધિકારી કે એજન્ટની સાથે સંપર્કમાં છે.

પંકજ કોટીયાએ અમદાવાદ ATS ખાતે પૂછપરછ દરમિયાન કબૂલ્યું કે, તે હનીટ્રેપમાં ફસાયેલો હતો અને પાકિસ્તાની મહિલા રીયા જાસૂસને કોસ્ટગાર્ડની ગુપ્ત માહિતી અને ફોટા આપતો હતો. તેના બદલામાં પંકજને પાકિસ્તાનની મહિલા દ્વારા અત્યાર સુધીમાં રૂ. 26000 ચૂકવવામાં આવ્યા છે. એટીએસએ પાંચ મહિનાની અંદર આ બીજો જાસૂસ ઝડપી પાડ્યો છે.

----------------------------------

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની આ 115મી કડી છે. આજે સવારે 11 વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના પ્રાદેશિક ભાષાઓમાં ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

----------------------------------

# PM Modi In Gujarat

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતી કાલે ગુજરાતની મુલાકાતે આવશે, જ્યાં તેઓ કેટલાકં પ્રોજેક્ટ્સનાં લોકાર્પણ અને શિલારોપણ કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના રાષ્ટ્રપતિ પેડ્રો સાન્ચેઝ આવતી કાલે વડોદરામાં ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ કેમ્પસ ખાતે C-295 વિમાનનાં ઉત્પાદન માટે ટાટા એરક્રાફ્ટ કોમ્પલેક્સનું ઉદઘાટન કરશે. ભારતમાં લશ્કરી વિમાનનાં ઉત્પાદન માટેની ખાનગી ક્ષેત્રની આ પ્રથમ એસેમ્બલી લાઇન છે. ઉડ્ડયન ક્ષેત્રમાં આ મહત્વની મેક ઇન ઇન્ડિયા પહેલ છે. ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ સ્પેનની એરબસ સાથે મળીને આ પ્લાન્ટ સ્થાપી રહી છે.

પ્રધાનમંત્રી અમરેલી ખાતે ભારત માતા સરોવરનું ઉદઘાટન કરશે અને ચાર હજાર ૧00 કરોડ રૂપિયાનાં પ્રોજેક્ટ્સનું ખાતમૂહુર્ત કરશે. આ પ્રોજેક્ટથી અમરેલી, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, જુનાગઢ, પોરબંદર, કચ્છ અને બોટાદ જિલ્લાનાં લોકોને લાભ થશે.

કનેક્ટિવિટી વધારવા પ્રધાનમંત્રી 2800 કરોડથી વધુનાં રોડ પ્રોજેક્ટ્સનું ખાતમૂહૂર્ત પણ કરશે. તેઓ આશરે એક હજાર 100 કરોડ રૂપિયાનાં ખર્ચે પૂર્ણ થયેલા ભુજ-નલિયા ગેજ રૂપાંતરણ પ્રોજ્કટ રાષ્ટ્રને સમર્પિત કરશે. શ્રી મોદી અમરેલી જિલ્લામાં પાણી પુરવઠા વિભાગની નાવડાથી ચાવંડ બલ્ક પાઇપલાઇન સહિતનાં 700 કરોડ રૂપિયાથી વધુનાં વિકાસકાર્યોનું પણ ઉદઘાટન કરશે.

-----------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

...................................

## Valsad MP in committee

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલના અધ્યક્ષ સ્થાને રચાયેલી વાણિજ્ય અને ઉદ્યોગ કમિટીમાં વલસાડના સાંસદ ધવલ પટેલને સ્થાન આપવામાં આવ્યું છે.

આ સમિતિમાં લોકસભાના 11 સાંસદ, રાજ્યસભાના છ સાંસદ અને 2 ભૂતપૂર્વ કર્મચારીઓને સ્થાન આપવામાં આવ્યું છે. આ સમિતિ ઉદ્યોગોને પડતી સમસ્યા નિવારવા કામગીરી કરશે.

---------------------------------

## Nursing bharti jaherat

કમિશનર આરોગ્ય ,તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ ગાંધીનગરના તાબા હેઠળની સરકારી હોસ્પિટલો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં એક હજાર 903 જગ્યા પર ભરતી જાહેર કરાઇ છે.

ભરતી માટે ઉમેદવારોની વયમર્યાદા 20થી 40 વર્ષની છે. ઉમેદવારે માન્ય નર્સિંગ સંસ્થા પ્રાપ્ત જરૂરી લાયકાત મેળવેલી હોવી જોઈએ. ઉમેદવારો વેબસાઇટ ojas. gujarat. gov. in અને gujhealth. gujarat. gov. In પરથી ત્રીજી નવેમ્બર સુધીમાં ઓનલાઈન અરજી કરી શકશે, તેમ એક યાદીમાં જણાવાયું છે.

---------------------------------

## Porbandar train

પશ્ચિમ રેલવેએ ભાવનગર ડિવિઝનની પોરબંદર-કોચ્ચુવેલી સાપ્તાહિક સુપરફાસ્ટ ટ્રેન નં. 20910ના પ્રસ્થાનનો સમય બદલવાનો નિર્ણય કર્યો છે.

ડિવિઝનલ રેલ્વે મેનેજર રવીશ કુમારે જણાવ્યું કે, આ સાપ્તાહિક સુપરફાસ્ટ ટ્રેન નં. 20910ની ઝડપ વધારવા માટે સાત નવેમ્બરથી ઉપડવાનો નિર્ધારીત સમય સાંજના 6.40 કલાકને બદલે 6.55 કલાક કરાયો છે. ટ્રેન 15 મિનિટ મોદી ઉપડ્યા બાદ પણ પોતાના ગંતવ્ય સ્થાને નિર્ધારિત સમયે જ પહોંચી જશે. તેથી મુસાફરોનો 15 મિનિટનો સમય બચશે.

આ ટ્રેનની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઇટની મુલાકાત લઈ શકે છે.તેમ પશ્ચિમ રેલવેએ એક યાદીમાં જણાવ્યું છે.

---------------------------------

# Patan apmc aavak

પાટણ એપીએમસીમાં છેલ્લા ત્રણ વર્ષથી મગફળીની નોંધપાત્ર આવક થઈ રહી છે. સરસ્વતી તાલુકાના વાગડોદ વિસ્તાર તેમજ ડીસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી પાટણ માર્કેટયાર્ડમાં મગફળીની આવક શરૂ થતાં છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી વધુ મગફળીની આવક ચાલુ વર્ષે થઈ હોવાનું સુત્રો તરફથી જાણવા મળ્યું છે.

શનિવારે માર્કેટયાર્ડમાં અંદાજીત 3500થી વધુ બોરી મગફળીની આવક થઈ હોવાની સાથે સૂકી મગફળીની સારી આવકો થતા ખેડૂતોને પ્રતિ ક્વિન્ટલ 1000થી 1130 સુધીના ભાવો મળી રહ્યા છે. જયારે લીલી મગફળીના 800થી 1000ના ભાવ મળી રહ્યા હોવાનું તેમજ આ સમગ્ર મગફળી કાઠિયાવાડની ઓઈલ મિલમાં જતી હોવાનું માર્કેટયાર્ડના સુત્રોએ જણાવ્યું હતું. દિવાળીના મીની વેકેશન બાદ મગફળીની આવકમાં વધારો થશે તેવી આશા પાટણ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા વ્યક્ત કરાઇ છે.

---------------------------------

# DANG SEVA SETU

ડાંગના સુબીર તાલુકાના ઝરણમા યોજાયેલા 'સેવા સેતુ' કાર્યક્રમમાં ૩ હજાર ૮૭૯ અરજીઓનો નિકાલ કરાયો હતો, જેમાં રાજ્ય સરકારના જુદા જુદા 13 વિભાગોની, ૫૫થી વધુ યોજનાઓનો ઘર આંગણે જ લાભ પુરો પડાયો હતો. આ કાર્યક્રમમાં સુબીર વિસ્તાર નજીકના કુલ ૧૯ ગામના લોકોએ ભાગ લીધો હતો.

---------------------------------

# Weather

રાજ્યમાં આગામી સાત દિવસ સુધી વાતાવરણ સુકુ રહેશે. ગઇ કાલે રાજ્યનાં મોટાં ભાગનાં શહેરોમાં ગરમીનો પારો 35 ડિગ્રીને વટાવી ગયો હતો. સૌથી વધુ 39 ડિગ્રી તાપમાન કંડલામાં, જ્યારે ભુજ, રાજકોટમાં 38 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં 37.2, ગાંધીનગરમાં 36 અને વડોદરા-સુરતમાં 35 ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું હતું.

----------------------------------

# DANG ARCHARY

ગિરિમથક સાપુતારા ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગાંધીનગરનાં ઉપક્રમે 68મી અખિલ ભારતીય શાળાકીય તિરંદાજી સ્પર્ધાનું આયોજન કરાયું છે.
ડાંગ જિલ્લાના આદિવાસી વિસ્તારના યુવાન ખેલાડીઓને પ્રેરણા આપવા માટે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતને 2036ની ઓલમ્પિકમાં તિરંદાજી સ્પર્ધામાં ભારતના ખેલાડીઓને તૈયાર કરવાનો અને સુવર્ણચંદ્રક અપાવવા માટેનો છે. ડાંગ ખાતેની આ સ્પર્ધામાં રાજ્યના 33 જિલ્લાઓની શાળાઓના વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે.

---------------------

# Bhavnagar science fair

ભાવનગરમાં આવેલી શ્રી સ્વામિનારાયણ ઇંગ્લિશ મીડીયમ સ્કૂલમાં શનિવારે ધોરણ-3થી 9ના બાળકોનું સાયન્સ પ્રદર્શન યોજાયું હતું.

વિદ્યાર્થીઓએ પોતાની બુદ્ધિ ક્ષમતા અનુસાર ફાયર સેફ્ટી, સ્માર્ટ સિટી, ભૂકંપથી બચવા માટેના વૈજ્ઞાનિક ઉપાયો, જ્વાળામુખીના વૈજ્ઞાનિક કારણો જેવા લગભગ 70થી પણ વધારે પ્રોજેક્ટોનું પ્રદર્શન રજૂ કર્યું હતું.

----------------------------------

## PORBANDAR RARE BIRD

બરડાના જંગલમાં અતિ દુર્લભ એવું સફેદ વન લલેડુ પક્ષી જોવા મળ્યું છે. વેટરનરી ડૉક્ટર વિજય ખુંટી અને આર.એફ.ઓ મલય મણીયાર સાંજના સમયે બરડા જંગલમા જઈ રહ્યા હતા ત્યારે ખંભાળા નાકાની નજીક આ પક્ષી જોવા મળ્યું હતું. તેમણે આ પક્ષીની તસવીર લેતાં તે વન લલેડું હોવાનું જણાવા મળ્યું.

વન લલેડું સામાન્ય રીતે રાખોડી કલરનું હોય છે પરંતુ આ અલ્બીનો વન લલેડું હતુ. જે સામાન્ય રીતે જોવા મળતા નથી. બહુ જ દુર્લભ ગણાતુ પક્ષી આ બરડા જંગલમાં જોવા મળે છે.

----------------------------------